
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ વૃશ્ચિક**

**આજના ગ્રહોની કુંડળી**




**ચંદ્ર માંગલ્ય યોગ થાય છે ● ગુરુ અને શનિ વક્રી ચાલે છે ● મીનારક કમૂરતાં અને ચાંડાલ યોગ ચાલે છે ● મીનનો બુધ નીચનો છે ● શનિ ચંદ્રનો વિષયોગ થાય છે ● જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** આઠમે ક્રમે માંગલ્ય યોગ અને શનિચંદ્રનો વિષયોગ બંને એકબીજાથી વિપરીત હોઈ આપને બેમાંથી એકે યોગનું ફળ મળવાપાત્ર રહેતું નથી. પાંચમે બારમે પણ સારા યોગ નથી. ખોટા ખર્ચાનો યોગ છે.

**વૃષભ** સાતમે ચંદ્ર માંગલ્ય યોગ અને શનિચંદ્રના વિષયોગને કારણે આપને ાજે સારા નરસા અનુભવોમાંથી પસાર થવું પડે - ચોથે ચાંડાલ યોગ પણ વ્યગ્રતા અને ગ્લાનિયુક્ત દિવસ પસાર કરાવે.

**મિથુન** ત્રીજે-છઠ્ઠે-નવમે-દસમે જુદી જુદી યુતિઓના યોગોને કારણે આજે તમારા યોગોય સ્થાનોની દૃષ્ટિએ સારા છે. ઉત્તમ છે. વિચારીને લીધેલ પગલામાં આપને આજે સફળતા મળે.

**કર્ક** પાંચમે શનિ ચંદ્રની યુતિ તથા ચંદ્ર માંગલ્ય યોગ તમોને સંતાનો બાબતમાં જુદા જુદા અનુભવોમાં પસાર કરાવે. એક સારો તો બીજો ખરાબ અનુભવ થાય - સંયમ જાળવીને શાંતિથી રહેવું.

**સિંહ** ચોથે ચંદ્ર માગલ્યની યુતિ વૃશ્ચિકમાં હોઈ માતાપિતા તરફથી લાભ થાય. પરંતુ શનિ ચંદ્રની યુતિના કારણે માતાની તંદુરસ્તી જોખમાય -મ ાટે માતાની તબિયતની કાળજી રાખવી.

**કન્યા** બારમે રાહુ ગુરુની ચાંડાલ યોગની યુતિ તથા સાતમે સૂર્ય બુધની કમૂરતાં વાળી યુતિના કારણે તમારામાં ધારેલાં કામોમાં તમોને સફળતા ન મળે - પ્રભુ સ્મરણ કરો.

**તુલા** શુક્રની દૃષ્ટિ અગિયારમે ચાંડાલ યોગની યુનિ સ્થાનને કારણે તમારે માટે ફાયદાકારક છે. છઠ્ઠે સૂર્ય બુદ્ધની યુતિ પણ સારી ન હોવા છતાં તમારા માટે ફાયદાકારક છે. દિવસો સારા જશે.

**વૃશ્ચિક** તમારી રાશિમાં મંગલ રાશિ પતિ સાથે ચંદ્ર આવેલ હોઈ આજે તમારો મોટો ભાગ્યયોગ થાય છે. જેને શનિ ચંદ્રની યુતિ અવરોધે છે તેમ છતાં આજે તમોનો ફાયદો થાય તેમ છે.

**ધન** બારમે ચંદ્ર શનિ અને ચંદ્ર મંગળની યુતિ તમારે માટે બધી રીતે સારી નથી - ખોટા ખર્ચા કરાવે - ખોટી વાણી ઉચ્ચારાવે - સાચવીને ચાલશો તો ફાયદાકારક છે.

**મકર** ત્રીજે સૂર્ય બુધની યુતિ તમોને પરાક્રમ કરાવે જેમાં તમોને ફાયદો થાય. જે કાંઈ કરો તે જોઈ વિચારીને કરશો તો ફાયદાકારક છે નહીં તો પસ્તાવાનો વારો આવશે.

**કુંભ** સાતમે ચાંડાલા યોગ તથા રાશિ ઉપર રાહુની દૃષ્ટિ સાથે ગુરુની દૃષ્ટિ હોઈ તમારે બહુ ગભરાવાની જરુર નથી. બને તેટલો સંયમ રાખીને વાત કરશો તો ઝઘડા નહીં થાય.

**મીન** ભાગ્યમાં ચંદ્ર માંગલ્યનો ભાગ્ય યોગ પ્રબળ બને છે તેથી તમારે આજે ભાગ્યની જોરે આનંદમાં રહેવાના યોગ આવશે. દિવસ આનંદમય જવાના સંકેત છે.

### બજેટ બેઠક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પંચાયતની આ સામાન્ય સભામાં પ્રશ્નોત્તરી નહી હોય પરંતુ ગત સામાન્ય સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવા ઉપરાંત સમિતિઓની મળેલ બેઠકોની કાર્યવાહી અને અમલવારીને પણ બહાલી આપવામાં આવનાર છે. આ ઉપરાંત કેટલાક માર્ગ-મકાન વિભાગના ટેન્ડરો જે મંજૂર થઈને આવ્યા છે તેને બહાલી અપાશે.

જિલ્લા પંચાયતમાં બજેટ પર ભાજપ દ્વારા પણ અલગથી રણનીતિ તૈયાર કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો મુજબ ભાજપ આજે બજેટ પરની ચર્ચામાં સક્રિય રહી અને રજુઆતો કરશે. પંચાયતોની કથળતી જતી સ્થિતિને લઈ વસુલાત માટે ઝુંબેશ ચલાવવાનો મુદ્દો ચગાવે તેવી શક્યતાઓ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૩૦ સભ્યો છે જેમાં ૨૫ કોંગ્રેસના અને પાંચ ભાજપના સભ્યો છે. જો કે કોંગ્રેસમાં જે રીતે આંતરિક ખટરાગ ચાલી રહ્યો છે તેનો ભાજપ કેવો ફાયદો ઉઠાવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

### અતીતની આજ ● ૪ પાનાનું ચાલુ...

પ્રધાન મોદીને જ તેડાવ્યા હતા.

ડૉ. આંબેડકર સ્મૃતિ વ્યાખ્યાનમાં વડા પ્રધાન મોદીએ ૬૦ વર્ષ પછી દિલ્હીમાં ડૉ.બાબાસાહેબના સ્મારકના અવસરની વાત કરીને કોંગ્રેસ પર ચાબખા માર્યા. પૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીની આવા સ્મારકની ઈચ્છા હોવાની વાત પણ કરી. સાથે જ સરદાર વલ્લભભાઈ પટેલ પોતાના રાજકીય બુદ્ધિચાતુર્ય થકી સંયુક્ત ભારતમાતાનું નિર્માણ કર્યાની વાત કરી, પણ એમના દિલ્હી ખાતેના નિવાસસ્થાન ૧, ઔરંગઝેબ રોડ (હવેના ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ રોડ) ખાતે કે અન્યત્ર સરદાર સ્મારક સ્થાપિત કરવાનો કોઈ ઉલ્લેખ કર્યો નહીં. ડૉ. આંબેડકરે નહેરુ સરકારમાંથી રાજીનામું આપ્યાની વાત છેડી, પણ એ માટેના સંજોગો સર્જવામાં તત્કાલીન વડા પ્રધાન પંડિત નહેરુ પર તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ સહિતના સરદાર સમર્થકોએ અને ડૉ. શ્યામાપ્રસાદ મુકરજી જેવા સનાતનીઓએ દબાણ આણ્યું હતું એ વાતની ચોખવટ કરવાનું ટાળ્યું. સરદાર પટેલ પણ હિંદુ કોડ બિલની વિરુદ્ધમાં જ હતા, ડૉ. મુકરજી અને ડૉ. રાજેન્દ્ર પ્રસાદની જેમ જ, પણ એમનું નિધન ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ થઈ ચુક્યું હતું.

વડા પ્રધાન મોદીએ ડૉ. આંબેડકર સ્મારકના ભૂમિપૂજન અને સ્મૃતિ વ્યાખ્યાનનો ઉપયોગ અનામત પ્રથામાં કોઈ ફેરફાર કરવાનો પોતાની સરકારનો ઈરાદો નહીં હોવાની ખાતરી આપવા માટે જરૂર કર્યો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સુપ્રીમો ડૉ.મોહનજી ભાગવત જ નહીં, સંઘની પ્રતિનિધિ સભાનો ૧૯૮૧નો ઠરાવ અનામત પ્રથાને કાયમી ધોરણે સ્વીકારવાના પક્ષે નથી એટલે તો બિહાર વિધાનસભામાં અનામત મુદ્દે ભાજપને નુકસાન થયું. અત્યારે પણ દેશનાં પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે ડૉ. આંબેડકરની આડશે વડા પ્રધાન મોદીએ મતદારોને પોતાનો સંદેશ પહોંચાડવા પ્રયાસ કર્યો છે.

નવાઈ એ વાતની છે કે ડૉ. આંબેડકર જ નહીં, કોંગ્રેસી વડા પ્રધાન રહેલા પી. વી.નરસિંહ રાવના સ્મારકમાં ખૂબ રસ લઈ રહેલા વડા પ્રધાન મોદીએ સરદારના નવી દિલ્હી ખાતેના સ્મારક માટે કેમ ઉદાસીનતા સેવવા માંડી છે. સરદાર પટેલ નેહરુની સરકારમાં જ નાયબ વડા પ્રધાન હતા અને ગૃહ પ્રધાન તરીકે એમણે સંઘ પર પ્રતિબંધ લાદ્યો હતો, ગાંધીહત્યાના ખટલા બાબત, પણ સરદાર પોતે તો રા.સ્વ. સંઘ કોંગ્રેસ સાથે ભળીને રાષ્ટ્રનિર્માણનું કામ કરે એના પક્ષધર હતા. આવા સરદારના ૧, ઔરંગઝેબ રોડ ખાતેના નિવાસનું અધિગ્રહણ સરકાર કરી શકે છે અથવા તો એ બંગલોના માલિક એવા બનવારી લાલ ખંડેલવાલના પૌત્ર વિપુલ ખંડેલવાલને ખપતા ૧૦૦ કરોડ રૂપિયા મોદી સરકાર કે આનંદીબહેન સરકાર ચુકવી શકે છે. કોંગ્રેસની સરકારોએ એ ના કર્યું તો ભાજપ સરકાર તો કરે.સરદાર પટેલ પણ લંડનમાં પાંચ સ્થળે રહ્યા અને તેજસ્વી બેરિસ્ટર થઈને આવ્યા હતા. એમાંથી એક પણ જગ્યાને તેમના સ્મારક કે મ્યુઝિયમ તરીકે કેમ પસંદ કરાઈ નહીં એ પ્રશ્ન થવો સ્વાભાવિક છે.ગુજરાતમાં સરદાર પટેલની સૌથી ઊંચી પ્રતિમા નિર્માણ કરવાના નરેન્દ્ર ભાઈના પ્રયાસો પછી રાજ્યના દલિતો અને ઓબીસી નેતાઓ તરફથી ડૉ. બાબાસાહેબ આંબેડકરની સરદાર સાહેબ કરતાં પણ ઊંચી પ્રતિમા સ્થાપિત કરવાની માગણી કરી છે એટલે પોતાને આંબેડકરભક્ત ગણાવનારા મોદી માટે જ નહીં આનંદી બહેન માટે પણ નવી મૂંઝવણ પેદા થઈ છે.





## ચિલોડા ખાતે યોજાયેલ સુવર્ણકારોની બેઠકમાં ઉગ્ર લડતનો નિર્ણય

છેલ્લા કેટલાક દિવસોથી એકસાઈઝ ડ્યુટીના વધારાના પગલે દેશભરમાં સુવર્ણકારોમાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા કેશવ પાર્ટી પ્લોટ ખાતે એકસાઈઝ ડ્યુટી તેમજ બે લાખની ખરીદી ઉપર પાનકાર્ડ ફરજિયાત કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયના વિરોધમાં ૨૬ દિવસથી ચાલતી જ્વેલર્સ એસોસિએશનની અચોક્કસ મુદ્દતની હડતાલ સંદર્ભે જિલ્લા જ્વેલર્સ એસોશિએશનની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્વેલર્સ એસોસિએશનની બેઠકમાં ગાંધીનગર, દહેગામ, માણસા તથા કલોક તાલુકાના ૩૦૦થી વધુ સુવર્ણકારો હાજર રહ્યા હતા. આ ઉપરાંત આ બેઠકમાં ગુજરાત રાજ્ય જ્વેલર્સ એસોસિએશનના પ્રમુખ, મહામંત્રી અને અમદાવાદ એસોસિએશનના પ્રમુખ ઉપસ્થિત રહીને આંદોલનને વધુ તેજ બનાવવા સાથ સહકાર આપી એકતા સંગઠન મજબૂત બનાવી અહિંસક રીતે લડત આપવા પ્રતિબદ્ધતા મજબૂત બનાવી અહિંસક રીતે લડત આપવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કેન્દ્ર સરકાર દ્વારા સોનાની ખરીદી ઉપર એકસાઈઝ ડ્યુટીમાં એક ટકાનો વધારો કરાયો છે. જેના લીધે સોનાની ઉપર એક ટકો એકસાઈઝ ડ્યુટીમાં કરાયેલા વધારાને લઈ પાટનગર સહિત દેશભરમાં જ્વેલર્સના વેપારીઓણાં વિરોધનો વંટોળ ઉઠવા પામ્યો છે. આ એકસાઈઝ ડ્યુટીના વિરોધમાં જિલ્લાના સુવર્ણકારો એકસાઈઝ ડ્યુટી પરત ન ખેંચાય ત્યાં સુધી મક્કમપણે લડત આપવા કટીબદ્ધ બન્યા છે. આ લડતને લઈ તેના વિરોધમાં સુવર્ણકારો એ એકતા સંગઠન મજબૂત બનાવી અહિંસક રીતે લડત આપવા આ બેઠકમાં પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમજ આ વ્યવસાય સાથે સંકળાયેલા નાનામાં નાના કારીગરો-વેપારીઓને મદદરુપ થવા ટૂંક સમયમાં સુખદ ઉકેલ આવશે - તેવી હૈયાધારણ પણ વ્યક્ત કરવામાં આવી હતી.

# વધુ ૭૦ ટ્રાફિક બ્રિગેડના જવાનોની ભરતી કરાશે

**જિલ્લામાં ટ્રાફીક નિયમનની વધુ સારી કામગીરી માટે ભરતી પ્રક્રિયા શરૂ : શારીરીક ક્ષમતા કસોટી લેવાઈ હવે લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યુ લેવાશે**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં ટ્રાફિક નિયમનની કામગીરી માટે કરાર આધારે ટ્રાફીક બ્રિગેડના જવાનોની ભરતી પ્રક્રિયા આજથી શરૂ કરવામાં આવી છે. અગાઉ ૧૦૦ ટ્રાફીક બ્રિગેડ જવાનોની ભરતી કરવામાં આવી હતી જે પૈકી હવે ૫૦ જ વધ્યા છે. હવે વધુ સારી કામગીરી કરવા માટે જવાનોની જરૂર હોવાથી મંજુરીને આધારે વધુ ૭૦ ટ્રાફીક બ્રિગેડ જવાનોની ભરતી પ્રક્રિયા ગાંધીનગર પોલીસે શરૂ કરી છે. આજે ઉમેદવારોની શારીરિક ક્ષમતા કસોટી લેવામાં આવી હતી.

૭૦ ટ્રાફીક બ્રિગેડના જવાનોની કરાર આધારે ભરતી કરવાની જાહેરાત અનુસંધાને શહેરના ૬૫૦થી વધુ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. જે તમામની આજે એસ.પી. કચેરી ગ્રાઉન્ડમાં દોડ સહીતની શારીરિક ક્ષમતા કસોટી લેવામાં આવી હતી. શારીરિક ક્ષમતા કસોટીમાં ૬૫૦માંથી ૨૫૦ ક્વોલીફાય થયા છે. હવે આ ક્વોલીફાય ઉમેદવારોની ૨ એપ્રિલે લેખીત પરીક્ષા લેવામાં આવશે અને ત્યારબાદ મેરીટમાં આવેલા ઉમેદવારોના છઠ્ઠી એપ્રિલે ઈન્ટરવ્યુ લઈ ફાઈનલ રીઝલ્ટ મુકવામાં આવશે. આમ ૭૦ ટ્રાફીકબ્રિગેડ જવાનોની કરાર આધારીત નિમણુંક કરીને જિલ્લામાં ટ્રાફિક નિયમન કામગીરી સુદૃઢ બનાવવાના પ્રયાસ જિલ્લા પોલીસ વડા કચેરીએથી હાથ ધરવામાં આવ્યા છે.




## વિજય માટે પ્રાર્થના...

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મહાનગરપાલિકાની ચૂંટણી પ્રચારના પ્રારંભે કાર્યાલય પર ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરાયું હતું. શહેર પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહ અને સંભવિત નગરસેવકો દ્વારા ભગવાનને વિજય માટે પ્રાર્થના કરાઈ હતી. આરતી સમયે શહેરના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસાના આધેડ સ્વાઈન ફલુના સકંજામાં

મોડાસા, તા.૨૭

મોડાસાનગરના માલપુર રોડ ઉપરની એક રહેણાંક સોસાયટીમાં રહેતા અને મૂળ ધનસુરા તાલુકાના શખશને સ્વાઈનફલુની અસર વર્તાતા તાબડતોડ અમદાવાદ ખાતેની ખાનગી હોસ્પીટલમાં વધુ સારવાર અર્થે ખસેડાયા હતા. જીલ્લા આરોગ્ય વિભાગે કેસ શંકાસ્પદ સ્વાઈન ફલુનો હોવાનું જણાવી જરૂરી સર્વે કામગીરી હાથ ધરાઈ હોવાનું જણાવ્યું હતું. ચાલુ સીઝને મોડાસામાં સ્વાઈનફલુનો દદી નોંધાતા નગરજનોમાં ફફડાટ ફેલાયો હતો.

મોડાસાના બાયપાસ માર્ગની સહયોગ ચોકડી વિસ્તારની નાલંદા-૨ રેસીડેન્સીમાં રહેતા ૫૫ વર્ષીય આધેડને સ્વાઈન ફલુ રોગના લક્ષણો વર્તાતા મોડાસા ખાતેની ખાનગી હોસ્પીટલમાં સારવાર અર્થે દાખલ કરાયા હતા. હોસ્પીટલના તબીબે જરૂરી પરીક્ષણ કરાવતા ઈસમ સ્વાઈન ફલુ ગ્રસ્ત હોવાનું જણાવી આવતાં તાબડતોડ દદીને અમદવાદાના નવાવાડજ વિસ્તારની ખાનગી હોસ્પીટલમાં વધુ સારવાર અર્થે ખસેડાયા હતા.

જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ.અમરનાથ વર્માને જાણ થતાં તેઓએ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વેની કામગીરી હાથ ધરાવી હતી. આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ સ્વાઈનફલુ ગ્રસ્ત દદીના સગાસંબંધીઓની પ્રાથમિક તપાસ હાથ ધર્યા બાદ જરૂરી દવાઓ પુરી પડાઈ છે.

મોડાસામાં એક પ્રોઝીટીવ સ્વાઈન ફ્લુનો કેસ મળતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવી ગયું હતું. જેન સર્વે કામગીરી અને અસરગ્રસ્ત દદીના પરિવારને દવા આપવાની કામગીરી શરૂ કરી દી હતી. ઉપરાંત માલપુર અને બાયડ વિસ્તારમાં સ્વાઈનફલુના ૪ કેસ નોંધાયા હતા. જેમાં માલપુર અને બાયડ ખાતેના દદીઓનું મોત નીપજયું હતું.

# પ્રાંતિજના તબીબની ઈમાનદારી દોઢ લાખ રોકડ ભરેલ પાકીટ અસલ માલિકને પરત કર્યું

પ્રાંતિજ, તા.૨૭

પ્રાંતિજ ખાતે રહેતા અને વ્યવસાયે પશુ ડૉકટર તરીકે સેવા આપતાં ડૉકટરને નેશનલ હાઈવે આઠ ઉપરથી દોઢ લાખ ભરેલ પાકિક મળતાં અચાનક સાચો માલિક સામે આવી જતાં તેની પુરતી ખાતરી કરી માલિકને પાકિટ પરત કર્યું

મળતી માહિતી મુજબ પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ આશીર્વાદ સોસાયટીમાં રહેતા અને વ્યવસાયે પશુ ડૉકટર તરીકે સેવા આપતા પટેલ બાબુભાઈને પ્રાંતિજના તાજપુર ગામેથી પશુ બિમાર હોવાથી પશુ માલિકનો ફોન આવતાં ડૉકટર સાહેબ પોતાના બાઈક ઉપર નેશનલ હાઈવે આઠ ઉપરથી પસાર થઈ રહ્યા હતા તે સમયે તેમની નજર રોડની સાઈડમાં પડેલ મોટા પાકિટ ઉપર પડી અને પાકિટ નવું લાગતાં તેમને બાઈકની બ્રેક કરી નીચે ઉતરીને પાકિટ ઉઠાવી ચેન ખોલી જોયું તો એક સમય માટે તેવો દંગ બની ગયા અને અંદર નોટોનાં નવા બંડલ જોઈ ચક થઈ ગયા હતા. જયારે તેઓ એ આજુબાજુ જોયું પણ કોઈ દેખાયું નહીં અને કોનું હશે તે કેવી રીતે આવ્યું, પ્રશ્ન સાથે પાકિટ લઈને નીકળી ગયા જયારે પશુને તપાસી તાજપુર ખાતે આવેલ એક મેડીકલ ઉપર ગયા અને ત્યાં મેડીકલવાળાને કર્યું મને આ રીતે રોડ ઉપરથી પાકિટ મળ્યું છે. પણ અંદર કોઈ ડોક્યુમેન્ટ કે માલિકનું નામ નથી ત્યારે મુળ માલિક અને ધણપના વતનીનું નશીબ પણ જોર કરતું હશે અને તે પણ મેડીકલ ઉપર દવાઓ લેવા આવ્યો અને ઢીલાશ મોઢે બોલ્યો ભાઈ દવાઓ આપોને અને કહ્યું આજે તો દિવસ જ ખરાબ છે. મારું પૈસા ભરેલ પાકિટ કોઈ જગ્યાએ પડી ગયું. ત્યારે તરત જ એક પલનો પણ વિચાર કર્યા વગર મેડિકલ વાળા ભાઈની હાજરીમાં માત્ર ત્રણ સવાલ કર્યા ને ડૉકટરે તરત જ મૂળ માલિકને પાકિટ પરત કર્યું ત્યારે પાકીટ મળતા માલિક રાજીરાજી થઈ ગયો અને ડૉકટરનો આભાર માન્યો ત્યારે પ્રાંતિજના આ ડૉકટરે પોતાની ઈમાનદારી બતાવી પોતાના કુળ સમાજ સહિત પ્રાંતિજનું નામ રોશન કર્યું છે ત્યારે ખરેખર દિલથી સૌ કોઈ પ્રાંતિજ વાસિયોને આ ડૉકટરને સેલ્યુટ મારવાનું મન થાય તો નવાઈ નહીં. જયારે પ્રાંતિજ ખાતે આવેલ સેવાભાવી સંસ્થાઓ કે સરકાર દ્વારા આ ઈમાનદાર ડૉકટરનું સન્માન કરવામાં આવે તો અન્યને પણ પ્રેરણા મળશે.

# નડિયાદ ગ્રામ્ય પોલીસ મથકના દરવાજે ત્રણ મહિલાઓને માર માર્યો

નડિયાદ,તા.૨૭

ખેડા જિલ્લાના નડિયાદ શહેરના ગ્રામ્ય પોલીસ મથકના દરવાજા પાસે ત્રણ મહિલાઓને ૧૨ ઈસમોએ ભેગા મળીને લાકડી તથા ગડદાપાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ફરિયાદ નડિયાદ શહેર પોલીસ મથકે નોંધાતા પોલીસે ૧૨ ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ મથકના દરવાજે જ આ પ્રકારની બનેલી ઘટનાથી ચોતરફ દોડભાગ મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ફરિયાદી રેખાબેન હિરાલાલ કેશવલાલ વાઘેલા રહે.૬૫૬,ઈન્દીરા નગરી, વૈશાલી રોડ નડિયાદનાઓના જણાવ્યા મુજબ મધુબેન પોપટભાઈ વાઘરીએ તેં અમારી વિરુદ્ધ ફરિયાદ કેમ કરી છે તેમ કહીને રેખાબેનના વાળ પકડી ગડદાપાટુનો માર માર્યો હતો. જ્યારે દિનેશભાઈ પોપટભાઈ વાઘરીએ રેખાબેનને માથામાં લાકડી ફટકારવાની સાથે રામુભાઈ વાઘરીએ પણ ગડદાપાટુનો માર માર્યો હતો. આ ઝઘડામાં છોડાવવા પડેલા આશાબેનને પણ કમલેશભાઈ પોપટભાઈ અને સાજનભાઈ પોપટભાઈએ લાકડીથી અને ગડદાપાટુનો માર માર્યો હતો. સાથે બીજી એક મહિલા રેખાબેનને પણ ભઈલુભાઈ રાજુભાઈ તથા રામુભાઈ રાજુભાઈએ પણ માર મારીને ઈજાઓ પહોંચાડી હતી. આ મારામારીના કારણે નડિયાદ ગ્રામ્ય પોલીસ મથકના દરવાજે ભારે દોડભાગ મચી ગઈ હતી. શહેર પોલીસ મથકને જાણ થતાં પોલીસે તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી જઈને હળવો લાઠીચાર્જ કરી આ ટોળાને વિખેરી નાખ્યું હતું.

આ બાબતે નડિયાદ શહેર પોલીસ મથકે રેખાબેન વાઘેલા ૧૨ ઈસમો મધુબેન પોપટભાઈ વાઘરી, સવિતાબેન રાજુભાઈ વાઘરી, ચંચીબેન ગોવિંદભાઈ વાઘરી, આશાબેન દિનેશભાઈ વાઘરી, રાજુભાઈ મનજીભાઈ વાઘરી, દિનેશભાઈ પોપટભાઈ વાઘરી, કમલેશભાઈ પોપટભાઈ વાઘરી, સાજનભાઈ પોપટભાઈ વાઘરી, રામુભાઈ રાજુભાઈ વાઘરી, ભઈલુભાઈ રાજુભાઈ વાઘરી, અરવિંદભાઈ ગોવિંદભાઈ વાઘરી અને પીન્ટુભાઈ પોપટભાઈ વાઘરી સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

### કાનૂન અને કાયદો ● ૪ પાનાનું ચાલુ...

સભ્યો અને સંસદની કાર્યવાહી વચ્ચે એકરૂપતા જાળવી મજબુત સાંકળનું કામ જનરલ સેક્રેટરીનું છે. જેઓ બંધારણ તથા કાયદાના પાલન કર્તા હોય તે આવશ્યક છે.

આમ, હાલમાં સંસદના બન્ને ગૃહોની કામગીરી ચાલે છે તેમાં ઉપરોકત શબ્દોનો વારંવાર ઉપયોગ થતા આમ જનતા સદરહુ સંસદીય ભાષાની જાણકારી તથા કામગીરીની જાણકારી મળે તેવા હેતુથી અત્રે વિસ્તૃત વ્યાખ્યા કરેલ છે. જેથી આમ જનતા સંસદની કાર્યવાહી રસ પૂર્વક નિહાળી, સમજી શકે અને વધુ જાગૃત બને. પોતે ચુંટેલા પ્રતિનિધિઓ કેવું કામકાજ કરે છે તે સમજી શકે.

### ટીમ પહોંચી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ કેસમાં કરાયેલી તપાસ મામલે ૯૦ મિનિટની રજૂઆત પાકિસ્તાની ટીમ કરનાર છે. ઈતિહાસમાં પ્રથમ વખત પાકિસ્તાની ઈન્ટેલિજન્સ અને પોલીસ અધિકારીઓ ત્રાસવાદી હુમલામાં તપાસ કરવા માટે ભારત આવ્યા છે. પાકિસ્તાનની ટીમ સાથે બીએસએફ અને ગરૂડ કમાન્ડો રહેશે. એનઆઈએ ચાર ત્રાસવાદીઓના સંબંધમાં માહિતીની આપલે કરનાર છે. ડીએનએ સેમ્પલો લેવામાં આવી ચુક્યા છે.

પાકિસ્તાનની તપાસ ટીમમાં ટોચના અધિકારીઓ રહેલા છે. ભારત પહોંચેલી પાંચ સભ્યોની આ તપાસ ટીમને ભારત સરકાર દ્વારા સાત દિવસના વીઝા મંજુર કરવામાં આવ્યા છે. સરકારને આશા છે કે ચાર ત્રાસવાદીઓની ઓળખ કરવામાં તપાસ ટીમની યાત્રાથી મદદ મળશે. પાકિસ્તાનની સંયુક્ત તપાસ ટીમ માટે કેટલીક શરતો નક્કી કરવામાં આવી છે. પઠાણકોટ ત્રાસવાદી હુમલાના કાવતરામાં ભારત અને પાકિસ્તાન દ્વારા તપાસ ચાલી રહી છે. પંજાબના પઠાનકોટમાં એરફોર્સ બેઝને ટાર્ગેટ બનાવીને પરોઢે ત્રણ વાગે ત્રાસવાદીઓએ બીજી જાન્યુઆરીના દિવસે ભીષણ હુમલો કર્યો હતો. સુરક્ષા દળો અને ત્રાસવાદીઓ વચ્ચે ત્યારબાદ જોરદાર સામસામે ગોળીબારની રમઝટ શરૂ થઈ હતી. કલાકો સુધી દિલધડક ઓપરેશન ચાલ્યા બાદ પાંચ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. જો કે આ હુમલામાં છ જવાન શહીદ થયા હતા. ત્રાસવાદીઓ સેનાના યુનિફોર્મમાં આવ્યા હતા. માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી હથિયારનો જંગી જથ્થો કબજે કરવામાં આવ્યો હતો.

### પરીક્ષા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખુલ્લા રાખવામાં આવ્યા હતા. ધોરણ ૧૧ની પરિક્ષામાં કોઇપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે શિક્ષણતંત્ર દ્વારા પુરતી તકેદારી રાખવામાં આવી છે. જિલ્લામાંથી ૬૦૬૬ જેટલા વિદ્યાર્થીઓ પરિક્ષામાં હાજરી આપશે. જયારે તમામ પરિક્ષા સ્થળો પર સી સી ટી વી કેમેરાની વોચ રહેશે. જયારે સી સી ટી વી કેમેરાનુ લાઇવ સ્ક્રીનીંગ કરવામાં આવશે. આ ઉપરાંત ગેરરીતી અટકાવવા માટે સ્કોવાર્ડના સભ્યો પણ રાઉન્ડ લેશે. હાલ પરિક્ષાની મોસમ ચાલી રહી હોવાથી વિદ્યાર્થીઓ પરિક્ષાની તૈયારીમાં ગળાડુબ બન્યા છે. ધોરણ -૧૦ અને ૧૨ ની પરિક્ષા પુર્ણ થયા બાદ હવે સેમેસ્ટર ૨ ની પરિક્ષા શરૂ થશે. જયારે પ્રાથમિક શાળાઓ તેમજ માધ્યમિકના ધોરણો માટે પણ ટુંકમાં પરિક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. ધોરણ -૧૨ માટે ગુજકેટની પરિક્ષા પણ આગામી તા ૧૦ મેંના રોજ લેવામાં આવશે.